healthwatch Wandsworth

હેલ્થવૉચ (Healthwatch) નેટવર્ક (માળખું) એ શું છે?

**GUJURATI**

**હેલ્થવૉચ (Healthwatch) એ ઈંગ્લેન્ડમાં સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ માટે એક ની નવો કન્ઝ્યૂમર ચેમ્પિઅન (ગ્રાહક વિજેતા) છે.** અમે બાળકોને, યુવા લોકોને અને પુખ્તવયનાંઓ એક શક્તિશાળી અવાજ પ્રદાન કરીએ છીએ - એ બાબતેની ખાતરી કરવા કે તેઓનાં અભિપ્રાયો અને અનુભવોને એવા લોકો દ્વારા સાંભળવામાં આવે કે જેઓ દોડતા હોય, આયોજન કરતા હોય તેમજ સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓનું નિયમન કરતા હોય.

એ બાબતેની ખાતરી કરવા કે સેવાઓનો ઉપયોગ કરતા તમામ લોકોનાં અભિપ્રાયો અને અનુભવોને એકત્રિત કરવામાં આવ્યા છે, તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે અને તેનાં પર અમલ કરવામાં આવ્યો છે, અમે સેવાઓને હાલ અને ભવિષ્યમાં વધુ સારી બનાવવામાં મદદ કરી શકીએ છીએ. હેલ્થવૉચ (Healthwatch) સમુદાયનાં તમામ વિભાગોમાંથી સક્રિયપણે અભિપ્રાયો લેવા માંગે છે, વિશેષ કરીને એવા લોકોનો કે જેઓ પોતાની તરફેણમાં સંભળાવવા માટે ક્યારેક-ક્યારેક જહેમત કરી રહ્યાં છે અને માત્ર એવા લોકોનો નહીં કે જે સૌથી મોટેથી પોકાર પાડી રહ્યા છે. અમે સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ પૂરા પાડનારાઓ, નિયમનકારો અને આયોજકોને પણ પ્રોત્સાહિત કરીએ છીએ કે તેઓ પોતાની જાતે લોકો તરફથી સીધું જ સાંભળે.

હેલ્થવૉચ (Healthwatch) પાસે બે વિભાગો છે; રાષ્ટ્રીયસ્તરે-કેંદ્રિત હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ અને 152 સમુદાય-કેંદ્રિત સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch). સાથે મળીને અમે હેલ્થવૉચ (Healthwatch) માળખું રચ્યું છે, એ બાબતેની ખાતરી કરવા કે ગ્રાહકનાં અભિપ્રાયોનું રાષ્ટ્રીય સ્તરે અને સ્થાનિક સ્તરે પ્રતિનિધિત્વ થયું છે, અને અમે નિકટતાથી કામ કરીએ છીએ.

**હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ શું કરે છે?**

હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ એવા ચાવીરૂપ મુદ્દાઓનો રાષ્ટ્રીય અવાજ પ્રદાન કરે છે કે જે એવા બાળકોને, યુવા લોકોને અને પુખ્તવયનાંઓને અસર કરતા હોય કે જેઓ સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની સેવાઓનો ઉપયોગ કરતા હોય. નીચે મુજબનાં પ્રાપ્ત

થયેલ પુરાવાનાં આધારે તે રાષ્ટ્રીય સ્તરે વલણો અને ગ્રાહકનાં અનુભવોનો એક બુદ્ધિશાળી અભિપ્રાય વિકસાવે છેઃ

- એવા લોકોનાં અભિપ્રાયો અને અનુભવોમાંથી કે જેઓ સેવાઓને સ્થાનિક કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ઉપયોગ કરતા હોય
- સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch) દ્વારા પ્રાપ્ત થયેલ અભિપ્રાયો અને અનુભવો
- સહભાગીઓ અને ભાગીદારો દ્વારા એકત્રિત કરીને સહભાગી બનેલ પુરાવામાંથી, કે જેમાં સખાવતી સંસ્થાઓ, વ્યાવસાયિક સંસ્થાઓ અને એવા લોકો કે જેઓ અંશતઃ નિર્બળ લોકોને ટેકો આપતા હોય

આ તમામ પુરાવાઓ મુખ્ય મુદ્દાઓને પ્રકાશિત કરવા માટે તેમજ સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓની નીતિ, નિયમન અને વિતરણમાં બદલાવ ઝંખવા માટે ઉપયોગમાં લેવાયા છે. જ્યારે અતિ મહત્ત્વનાં મુદ્દાઓ ઊભા થાય, ત્યારે તેને સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર હેલ્થ, ધ ક્વૉલિટી કેઅર કમિશન, ધ એન.એચ.એસ. કમિશનિંગ બોર્ડ, મૉનિટર અથવા ઈંગ્લેન્ડમાં સ્થાનિક સત્તાવાળાઓ સાથે તેને ઊઠાવવામાં આવે છે. કાનૂન અન્વયે, તેઓએ એ બાબતે જવાબ આપવાનો રહે છે કે હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડને કહેવા માટે શું છે.

હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch) ને એટલા માટે નેતૃત્વ, ટેકો અને સલાહ પૂરી પાડે છે કે જેથી તેઓ સ્થાનિક લોકો માટે મજબૂત રાજદૂતો થઈ શકે અને પોતાનાં સમગ્ર સમુદાયોમાં મજબૂત ભાગીદારીઓ વિકસાવવી શકે.

**સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch) શું કરે છે?**

સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch) લોકોને પોતાની સ્થાનિક સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની સેવાઓમાંથી સર્વશ્રેષ્ઠ સેવા આપવામાં મદદ કરે છે; પછી ભલે આજે તેને સુધારવાની બાબત હોય કે ભવિષ્યમાં તેને તૈયાર કરવા માટેની મદદના સ્વરૂપમાં હોય. સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch) એ એવા સ્થાનિક અવાજો વિશે બધું છે કે જેઓ સ્થાનિક સેવાઓનું વિતરણ અને રચના પર પ્રભાવ પાડી શક્યા છે. માત્ર લોકો તેનો ઉપયોગ કરે છે એટલું જ નહીં, પરંતુ ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિને કદાચ તેનો ઉપયોગ કરવાની જરૂર પડશે.

સ્થાનિક હેલ્થવૉચઃ

- લોકોને સ્થાનિક સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની સેવાઓ વિશે માહિતી, સલાહ અને ટેકો પૂરો પાડે છે
- સેવાઓનું કેવી રીતે વિતરણ થાય છે તેનાં પર સ્થાનિક લોકોનાં અભિપ્રાયો અને અનુભવોને એકત્રિત કરે છે તેમજ તેની પાસે એ સત્તા છે કે સેવાઓનું વિતરણ કઈ રીતે થઈ રહ્યું છે તેની જાણકારી અને અનુભવ મેળવવા માટે તે પુખ્તવયની સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળની સેવાઓમાં પ્રવેશીને તાગ મેળવે છે
- જે લોકો સેવાઓનો ઉપયોગ કરતા હોય તેમની પાસેનાં પુરાવાનાં આધારે સેવાઓની રચના અને વિતરણ પર પ્રભાવ પાડે છે
- સ્થાનિક હેલ્થ ઍન્ડ વેલબીઈંગ બોર્ડ પર બેઠક ધરાવવા દ્વારા સેવાઓને કેવી રીતે ઊભી કરવામાં અને સોંપવામાં આવે છે તેના પર પ્રભાવ પાડે છે
- અન્ય સ્થાનિક હેલ્થવૉચ (Healthwatch), હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ અને કેઅર ક્વૉલિટી કમિશનને માહિતી અને ભલામણો આપે છે

**ઍન્ના બ્રેડલિ, ચેઅર ઑફ હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ કહે છેઃ**

‘‘હેલ્થવૉચ (Healthwatch) માળખું એ સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળમાં નવા પ્રકારનું ગ્રાહક વિજેતા છે. અમે એ બાબતેની ખાતરી રાખીશું કે ગ્રાહકનો અવાજ સાંભળવામાં આવ્યો છે અને તેના પર અમલ પણ થયો છે. અમારા સ્વતંત્ર કાનૂની સત્તાઓની મદદથી, સમગ્ર માળખા પાસે અસર પડવાનો/અલગ રીતે વહેવાર કરવાનો એક ઉત્તમ અવસર છે. હેલ્થવૉચ (Healthwatch) ઈંગ્લેન્ડ એ બાબતની ખાતરી કરવા માટે ઉત્સાહપૂર્વક પ્રતિક્ષા સેવે છે કે જે લોકો સ્વાસ્થ્ય અને સામાજિક સંભાળ સેવાઓનું આયોજન, સંચાલન અને નિયમન કરતા હોય, તેઓ દ્વારા લોકોનો અવાજ બુલંદ અને સ્પષ્ટ સંભળાય.’’

Healthwatch Wandsworth
Trident Business Centre
89 Bickersteth Rd, London, SW17 9SH
Tel: 020 8516 7767
enquiries@healthwatchwandsworth.co.uk
Web: Healthwatchwandsworth.co.uk

healthwatch Wandsworth